सत्यमेव जयते

ક્રમાંક : જીસીઈઆરટી/સીએન્ડઈ/ 2019/ 23૦૦૯/૭૫
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન', સેક્ટર-૧૨, ગાંધીનગર.
ફોન : (079) 23256808-39
નિયામક : (079) 23256808
સચિવ : (079) 23256813
ફેક્સ : (079) 23256812
ઈ-મેઈલ : director-gcert@gujarat.gov.in
Web : www.gcert.gujarat.gov.in

તારીખ: 15-06-2019

પ્રતિ
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
શાસનાધિકારીશ્રી
તમામ

વિષયઃ શાળા અભિમુખતા/ શાળા તત્પરતા (school readiness) ધોરણ-3 થી ૮ કાર્યક્રમ સંદર્ભે મૂકાયેલ મોડ્યુલના સાર્થક ઉપયોગ બાબત

જયભારત સહ ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે હાલમાં નૂતન શૈક્ષણિક વર્ષનો પ્રારંભ થયો છે. આ વર્ષમાં આપણું શૈક્ષણિક કાર્ય વધારે પ્રગતિકારક બને તે હેતુથી બીઆસી અને સીઆરસી કોઓર્ડીનેટર્સ મિત્રો મારફતે શાળા અભિમુખતાનું મોડ્યુલ સોફ્ટકોપીમાં આપવામાં આવી છે. જેનો સુયોગ્ય રીતે ઉપયોગ થાય તે બાબતે આપની સંપૂર્ણ મોનીટરીંગ ટીમનું ધ્યાન દોરવા વિનંતી છે.

આ મોડ્યુલમાં સમાવિષ્ટ વિગત અને ઉપયોગ અંગેની વિગત આ મુજબ છે.

- વિદ્યાર્થીઓ આગળના વર્ષમાં માતૃભાષા, ગણિત તેમજ અંગ્રેજીમાં જેનો અભ્યાસ કરીને આવ્યા છે તેની અધ્યયન નિષ્પત્તિઓનું પુનરાવર્તન કરવાનું છે. વિજ્ઞાનમાં પણ જે સંકલ્પનાઓથી માહિતગાર થયા છે તેનું વિશેષ સ્પષ્ટીકરણ કરવાનું છે. જેથી નવા ધોરણમાં તે પૈકી જેનું વિકાસાત્મક આવર્તન થતું હોય તેના અધ્યયનમાં અનુકૂળતા રહે.
- જે વિદ્યાર્થીઓને વાંચન અને લેખન માટે તેમજ ગણન માટે વધારે મહાવરા અને સહાયની જરૂર હોય તેમના માટે પુનરાવર્તનના સ્થાને આ મહાવરા ઉપર ધ્યાન આપવાનું છે.
- આપવામાં આવેલ સોફ્ટ મટીરીઅલમાં આ ચારેય વિષયમાં પંદર દિવસનો કાર્યક્રમ આપવામાં આવ્યો છે. આ વિષયોની અધ્યયન નિષ્પત્તિઓ લક્ષમાં રાખી વર્ગખંડ કાર્ય કરવા માર્ગદર્શન આપવામાં આવ્યું છે. દરેક દિવસે કયા મુદ્દાઓનું પુનરાવર્તન કરાવવાનું છે તે અંગે નિર્દેશ કરવામાં આવ્યો છે. તે અનુસાર કામગીરી વર્ગખંડમાં થાય તે સુનિશ્ચિત કરવાનું છે.
- પ્રથમ એકમ કસોટી તા.૨૯/૦૬/૨૦૧૯ના રોજ લેવાની છે આ કસોટીમાં સમગ્ર રીતે આ પુનરાવર્તન કરવામાં આવેલા મુદ્દાઓમાંથી પ્રશ્નો પૂછવામાં આવશે. જેથી પુનરાવર્તન ઉપર દરેક શાળા ધ્યાન આપે તે અંગે ધ્યાન દોરવાનું છે.

સદર વિગતો તમામ શાળાઓ અને માર્ગદર્શન કરનાર ટીમના ધ્યાન ઉપર મૂકશો તેમજ આ મટીરીઅલનો ઉપયોગ શાળાઓમાં થાય તે અંગે વ્યક્તિગત કાળજી લેશો.

આભાર સહ

નિયામક
જીસીઇઆરટી
ગાંધીનગર

નકલ સવિનય રવાનાઃ

સચિવશ્રી, શિક્ષણ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર

એસ.પી.ડી.શ્રી, એસએસએ, ગાંધીનગર

પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગાંધીનગર

નકલ રવાનાઃ

પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ અમલીકરણ સારું